# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-10-2026 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## ધોરડો ખાતે 1લી નવેમ્બર થી રણોત્સવનો પ્રારંભ-તૈયારીઓ શરૂ:

ધોરડો ખાતે આગામી પહેલી નવેમ્બરથી રણોત્સવનો પ્રારંભ થશે. ચાર મહિના સુધી યોજાનારા રણોત્સવમાં પ્રવાસીઓની વધતી સંખ્યાને ધ્યાને રાખી આ વખતે એક હજારથી વધુ તંબુ બનાવાશે. રણોત્સવને લઈને ટેન્ટ સિટી તૈયાર કરનારી એજન્સીઓ, પ્રવાસન વિભાગ અને સ્થાનિક ધોરડો ગ્રામ પંચાયત દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી.

ઉપરાંત નાના-મોટા ખાનગી રિસોર્ટ પણ આકાર લઈ રહ્યા છે. રણોત્સવ દરમિયાન પાણીની અછત ન સર્જાય તે માટે પાણી પૂરવઠા બોર્ડને અત્યારથી જ પાણીની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સૂચના અપાઈ છે. તો, રણોત્સવમાં પ્રવાસીઓની સુવિધા માટે ટ્રાફિક વ્યવસ્થા જાળવવા પોલીસ તંત્ર સાથે સંકલન કરાશે.

---------------------------------------------------------------------------------------------

## શક્તિપીઠ નિમિતે માતાનામઢ ખાતે રાસ ગરબા:

રાજ્ય સરકાર દ્વારા ‘શક્તિ પર્વ’ નિમિત્તે આવતીકાલે માતાના મઢ ખાતે રાસ-ગરબા કાર્યક્રમનું આયોજન કરાયું છે. માતાનામઢની મુલાકાતે આવતા પ્રવાસીઓને સાંસ્કૃતિક વારસાની ઝાંખી કરાવવા અને યાત્રાધામને પારંપરિક શેરી ગરબાથી ઉર્જાવાન બનાવવાના હેતુથી આ કાર્યક્રમ સાંજે ૮:૦૦ વાગ્યાથી યોજાશે. જેમાં નામાંકિત કલાકારો ગરબાની પ્રસ્તુતિ કરશે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં જોડાવા અનુરોધ કરાયો છે.

---------------------------------------------------------------------------------------------

# વિશેષ શ્રેણી-સેમી કન્ડકટર મિશન:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર જીવનમાં 25 વર્ષ પૂર્ણ કર્યા છે. આ પ્રસંગે અમારી વિશેષ શ્રેણીમાં, આજે વાત કરીશું સેમી કન્ડકટર મિશન વિશે.

*(વોઇસ કાસ્ટ : પરેશ મારૂ)*

*વર્ષ ૨૦૨૧માં વૈશ્વિક સ્તરે સર્જાયેલી ચિપની અછતે ટેકનોલોજી અને સપ્લાય ચેઇનના ક્ષેત્રમાં દરેક રાષ્ટ્ર માટે આત્મનિર્ભર બનવાનું મહત્વ સમજાવ્યું. આ જ દૂરદર્શિતા સાથે કેન્દ્ર સરકારે ૨૧ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ ₹૭૬,000 કરોડના ખર્ચ સાથે 'સેમિકોન ઇન્ડિયા કાર્યક્રમ' જાહેર કર્યો હતો.*

*આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ દેશમાં સેમિકન્ડક્ટર ઉત્પાદન માટેનું સંપૂર્ણ માળખું વિકસાવવાનો છે, જેમાં ચિપ ફેબ્રિકેશન, પેકેજિંગ અને ડિઝાઇન જેવી મહત્ત્વપૂર્ણ પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે. આ યોજનાના સચોટ અમલીકરણ માટે 'ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન'ની પણ રચના કરવામાં આવી હતી.*

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે કોરોના સમયગાળા દરમિયાન જ ભારત સરકારે નક્કી કરી લીધું હતું કે ભારતને સેમિકન્ડક્ટર સેક્ટરનું નવું ગ્લોબલ હબ બનાવવું છે.*

*(પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)*

*આ રાષ્ટ્રીય પહેલના ઉત્સાહજનક પરિણામો સામે આવી રહ્યા છે. અત્યાર સુધીમાં આશરે ₹૧.૬ લાખ કરોડના કુલ ૧૦ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે, જેમાં બે સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન યુનિટ અને આઠ પેકેજિંગ યુનિટનો સમાવેશ થાય છે. ખાસ વાત એ છે કે આ પૈકી ચાર યુનિટમાં પ્રાયોગિક ઉત્પાદન (પાયલોટ પ્રોડક્શન) ની પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે.*

*આ પ્લાન્ટ્સને માત્ર એક જ ક્લસ્ટરમાં કેન્દ્રિત રાખવાને બદલે ગુજરાત, અસમ અને અન્ય રાજ્યોમાં ફેલાવવામાં આવ્યા છે, જેથી દેશના વિવિધ પ્રદેશોમાં હાઇ-ટેક મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર મજબૂતાઈથી વિકસી શકે અને ભારત આ ક્ષેત્રે વૈશ્વિક હબ બની શકે.*

*પરેશ મારૂ, આકાશવાણી સમાચાર ભુજ*

---

## રાપર ખાતે પ્રતિબંધિત પ્લાસ્ટિક સામે ઝુબેશ:

કલેક્ટર અનિલ રાણવાસિયાના માર્ગદર્શન હેઠળ રાપર નગરપાલિકા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક સામે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ચીફ ઓફિસર સંદિપસિંહ ઝાલાની આગેવાનીમાં પાલિકા ટીમ દ્વારા દેના બેંક ચોક, માંડવી ચોક સહિતના વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરી ૨૬૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરાયું હતું.

શહેરમાં સ્વચ્છતા જાળવવા અને પ્લાસ્ટિક મુક્ત અભિયાન અંતર્ગત છેલ્લા એક સપ્તાહમાં નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ પાસેથી અંદાજે રૂપિયા 60 હજાર જેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

---

## મદનપુરા અને કોડાય વચ્ચે પુલનું ખાત મુર્હુત :

માંડવી તાલુકાના મદનપુર અને કોડાય ગામ વચ્ચે રૂકમાવતી નદી પર અંદાજિત 5 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામનાર પુલનું ધારાસભ્ય અનિરૂદ્ધ દવે તેમજ ધાર્મિક સામાજીક અગ્રણીઓ દ્વારા ખાત મુર્હુત કરાયું હતું. ખાસ કરીને ચોમાસાની રૂતુમાં મદનપુરા-કોડાય પુલ વચ્ચે પાણીનો પ્રવાહ વધતા અવર જવર મુશ્કેલ બની જતી હતી અને કોડાય ગામનો આસપાસના  વિસ્તારો સાથેનો સંપર્ક  બે ત્રણ દિવસ સુધી કપાઈ જતો હતો.જેથી વર્ષોથી આ પુલ માટે માંગણી કરાઈ હતી. આ પુલ બનવાથી ચોમાસામાં ગ્રામજનોને પડતી મુશ્કેલઓ દુર થશે.

---

## એસ.ટી.સેવા ફરી શરૂ કરવા રજુઆત :

ભુજથી હાજીપીર વાયા ધોરેવાલી રૂટ પર વર્ષ ૧૯૬૫થી ચાલતી એસ.ટી. બસ સેવા બંધ થતાં બન્ની વિસ્તારના નાના ભીટારા અને લૂણા ગામના લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો

કરવો પડી રહ્યો છે. આ અંગે નાના ભીટારા ગામના હાસમભાઇ જુમ્મા દ્વારા આ બસ સેવા પુનઃ શરૂ કરવા માટે રજૂઆત કરવામાં આવી છે. હાલ ભૂજથી ભીટારા તરફ આવતી બસ માત્ર હાજીપીર સુધી જ સીમિત રહેતી હોવાથી, ગ્રામજનો અને વિદ્યાર્થીઓને અવરજવરમાં ભારે હાલાકી વેઠવી પડે છે. આ બસ તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવે તેવી માંગ કરાઇ છે.

---------------------------------------------------------------------------------------------------